# 'નેવી ડે' નિમિત્તે રાજયપાલશ્રીની શુભકામનાઓ

રાજભવન, ગાધીનગર : તા. ૦૩/૧૨/૨૦૧૫

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીએ "નૌ સેના દિવસ" ડિસેમ્બર તા. ૪ નિમિત્તે ભારતીય નૌસેનાના અધિકારીઓ અને નૌસૈનિક જે ત્યાગ અને રાષ્ટ્રભાવનાની સાથે માતૃભૂમિની સેવામા સમર્પિત છે, તેમને શુભકામનાઓ પાઠવી છે.

"નેવી ડે" નો સદેશો પાઠવતા રાજયપાલશ્રીએ જણાવ્યુ છે કે, ભારતના નિર્ણાયક વિજયમા પરિણમેલા ભારતીય નૌ સેનાના ૧૯૭૧મા પાકિસ્તાનના કરાચી બદર પરના સફળ હુમલાની વિજય સ્મૃતિમા "નેવી ડે" પ્રતિ વર્ષ ડિસેમ્બર ૪ના રોજ ઉજવવામા આવે છે. આજનો દિવસ આપણા સૌને રાષ્ટ્રની સમુદ્રી સીમાના સરક્ષણ માટે વર્તમાન અદ્યતન ટેકનોલોજીના સાથે કદમ મિલાવનાર, ભારતીય નૌસેના નિઃસ્વાર્થ રાષ્ટ્રપ્રેમ અને અનન્ય સમર્પણનુ સ્મરણ કરાવે છે.